# આતંકવાદ નાથવાનો સકારાત્મક ઉપાય વિચારીએ

**તંત્રીસ્થાનેથી...**

તુર્કસ્તાન-અફઘાનીસ્તાન-બલુચીસ્તાન જેવા અનેક દેશોમાં આતંકવાદ વકરી રહ્યો છે. તો યુરોપના દેશોમાં પણ વિશેષ કરીને ફ્રાંસમાં એક મહિનામાં બે હુમલાથી દેશ આખો હચમચ્યો છે. બેલ્જિયમ-ફ્રાન્સ-જર્મની જાણે આતંકવાદના સકંજામાં સપડાઈ ગયા હોય તેવા હાલ વર્તાય છે. જાપાનમાં એક શખ્સે ૧૯મી હત્યા કરી આ સમાચાર પણ માનસિક આતંકવાદની લગોલગ છે. આમ સમગ્ર વિશ્વ ભયના ઓથાર નીચે જીવાતુ હોય તેમ અખબારોના હેડીંગો પરથી લાગે છે. રોજ સવારે આતંકવાદી હુમલાના સમાચારો હેડલાઈન બની જાય છે અને સામાન્ય માણસ - છેવાડાનો માણસ આતંકવાદના પડકારથી થથરતો થથરતો જીવે છે. દુનિયાની જમાદારી કરતાં અમેરિકા પણ હજુ આતંકવાદને નાથવામાં સંપૂર્ણ સફળ બની શક્યું નથી. જો કે લડાઈ લડવામાં અમેરિકા અને યુરોપ એક બની રહ્યા છે. કેટલાય ઈસ્લામિક રાષ્ટ્રો પણ આતંકવાદનો ભોગ બની રહ્યા છે. એટલે માત્ર પશ્ચિમના દેશોમાં આતંકવાદ વકર્યો છે તેવું નથી. વિશ્વના ખૂણે ખૂણે આતંકવાદે અડ્ડો જમાવ્યો છે.

આતંકવાદ કેમ જન્મ્યો ? કેવી રીતે જન્મ્યો ? કોણે મોટો કર્યો ? કેવી રીતે ઉછેર્યો ? આવા અનેક પ્રશ્નો વિશ્વના નેતાઓ માટે પડકારજનક છે. ગરીબી અને અમીરી વચ્ચેની વધતી ખાઈ આતંકવાનું મુળ જન્મસ્થાન છે. આર્થિક સમાનતાના વિષય ઉપર હજુ પણ વૈશ્વિક રીતે વિચારાયું નથી. મૂડીવાદ-સમાજવાદ-સામ્યવાદ જુદા જુદા સ્થળે અને જુદા જુદા સ્તરે વિચારના વિષયો બન્યા છે. પરંતુ સમાનતાના મામલે કોઈ ગંભીર નથી, એક વખતે વિશ્વના અર્થશાસ્ત્રીઓ - મૂડીવાદીઓ અને સત્તાધીશો હકારાત્મક રીતે આતંકવાદ નાથવા જો વિચાર કરે તો ચોક્કસ એનો ઉકેલ આવી શકે એમ છે અને એક નવા વિચારનો ઉદય ભરરહિત સમાજ રચવાનું લક્ષ્ય નિર્માણ કરી શકાય. અનેક સાહિત્યિક સર્જકો અને તત્ત્વચિંતકોએ જુદા જુદા પુસ્તકો અને લેખોના માધ્યમથી પોતાના ચિંતનો અને લેખો પ્રગટ કર્યા છે પરંતુ સત્તાના હૃદય સુધી ચિંતનો ન પહોંચતા આખરે વંચિતો અને પીડિતોએ હાથમાં બંદૂક પકડી છે. એના સંગઠનો થયા અને આક્રમકતા વધી... ધર્મના ઝેર રેડાયા... કટ્ટરતા વધતી ગઈ... સામ્રાજયવાદના વિવાદો વકરતા ગયા અને એમાંથી અંતિમવાદી વલણો આતંકવાદ બનીને ઉભરી આવ્યા. આમ આતંકવાદના મૂળમાં જવાનો પ્રયાસ ગંભીરતાથી કરાય તો આગામી દાયકામાં આતંકવાદને નાથવામાં વિશ્વ સફળ બની શકે તેમ છે.

આગામી દિવસોમાં ભારત વિશ્વગુરુ બનવા જઈ રહ્યું છે ત્યારે ભારતીય સંસ્કૃતિના આધાર પર વૈશ્વિક સંવાદિતા ઊભી કરવાનો પ્રયાસ ભારતને ઊંચાઈ આપી શકે તેમ છે. ભારતીય સંસ્કૃતિ તો વિશાળ સંસ્કૃતિ છે. 'સર્વે જના: સુખિનો ભવન્તુ।' એ મંત્ર ને ચરિતાર્થ કરવાની કાર્યયોજના વિશ્વ સમક્ષ મુકાય તો ભારતનો ડંકો વાગી જાય તેમાં બે મત નથી. અને એટલે જ આતંકવાદને નાથવામાં વિશ્વ જયારે ચિંતામાં ડુબ્યું છે. ત્યારે ભારત આગવી પહેલ કરી સકારાત્મક ઉપાય તરીકે માર્ગદર્શક બને તો વિશ્વગુરુ બનવાનો ભારતનો મનોરથ પૂર્ણ થાય તેમ છે. આવતીકાલને વધુ ઉજજવળ અને ભયરહિત બનાવવા માટે ગામથી વિશ્વ સુધીના સ્તર પર આતંકવાદને નાથવા હકારાત્મક પ્રયાસ કરીએ. એ જ કલ્યાણનો માર્ગ છે... એક વિકાસનો માર્ગ છે.

# વધારે મીઠું ખાવાથી કેન્સર થાય?




મધુકાન્તાબેન સવારે ૫ વાગે જાગ્યા. રૂમ માથી બહાર નીકળીને સરસ મજાની સવારને માણતા હતા. ચારે બાજુ નીરવ શાંતિ હતી. ઝાકળના હિસાબે ઝાડ અને નાના કુંડામાં વાવેલા છોડ ચંદ્રના પ્રકાશમાં જાણે ચાંદી પાથળી હોય તેવા સિલ્વર કલર ના લાગતા હતા સરસ મજાનો ઠંડો પવન મધુકાન્તાબેનને વધારે આનંદિત કરતો હતો. ઘરમાં સૌ સૂતા હતા. થોડા ઠંડકમાં બેસીને પ્રાણાયામ કરે. અને સેક્ટરમાં થોડુ ચાલીને આવ્યા. એકાદ કૂતરાનો ભસવાનો અવાજ આવતો હતો. બાકી નીરવ એકદમ શાંતિ હતી. મધુકાન્તાબેન ઘરમા ગયા. બાથરૂમમાં નહાવા ગયા. નહાઈને નિત્ય મુજબ ભગવાનની પૂજા કરી. ભગવાન પાસે ઘરમા બધાની તબિયત સારી રહે તે માટે પ્રાથના કરી. ભગવાન પાસે માગ્યું કે ઘરમા બધા સુખી રહે. દીકરો અને વહુ મા સારો એવો તાલમેલ રહે. અને આનંદ થી રહે. 'અબ સોપ દિયા જીવન કા સબ ભાર તુમ્હારે હાથો મેં' એ પ્રાથના ઊંચા અવાજે શરૂ કરી. મધુકાન્તાબેન નિયમ મુજબ રોજની ૧૦ માળા ભગવાનને કરવાની એવુ વચન લીધેલુ. ભગવાન સામે બેસી માળા શરૂ કરી. ૩ માળા પૂરી થઈ હશે ત્યાં મધુકાન્તાબેન ઢળી પડ્યા. મધુકાન્તાબેન ના દીકરા અને એમના પત્ની મધુકાન્તાબેનને ઢળી પડતા જોયા. તેને તેના પતિ ને જગાડવા ઉંચેથી બૂમ પાડી. જૂઓ બા ને કઈક થઈ ગયું. દીકરો ઝડપથી રૂમની બહાર આવ્યો. મધુકાન્તાબેનને બોલાવ્યા અને કહ્યું બા શું થાય છે? મધુકાન્તાબેનનુ શરીર ઠંડુ પડી ગયું હતું. તેઓ કઈ બોલી શકતા ન હતા. દીકરા એ ૧૦૮ ને બોલાવી. ૧૦૮ પાંચ મિનિટમાં તો આવી પહોંચી. મધુકાન્તાબેનને નજીક ની હોસ્પિટલમા લઈ ગયા. ડોકટરે એમને તપાસ્યુ. છાતી નો કાર્ડીઓગ્રામ લીધો.

નસ વાટે ગ્લુકોઝ આપ્યું. ડૉકટરે કહ્યું, થોડી પલ્સ ઓછી થઈ ગઈ છે. કાર્ડીઓગ્રામ નોર્મલ છે. પણ આવું કેમ થયું એ ખબર પડતી નથી. ડૉકટરે કહ્યું તાત્કાલિક લોહીની તપાસ કરાવી પડશે. ૨૪ કલાક ચાલતી લેબોરેટરીમાંથી લોહી લેવાવાળો ભાઈ આવ્યો અને લોહી લઈને લેબોરેટરીમાં જઈને તાત્કાલિક લોહીની તપાસ શરૂ કરી. ડાયાબીટીસ રીપોર્ટ નોર્મલ હતો. કિડનીનો રીપોર્ટ નોર્મલ આવ્યો. હિમોગ્લોબીનનો રીપોર્ટ પણ નોર્મલ આવ્યો. ખાલી સોડીયમનો રીપોર્ટ ખૂબ ઓછો આવ્યો. સામાન્ય રીતે સોડીયમની નોર્મલ રેંજ 135-145 mmol/l એની જગ્યા પર 115 mmol/l હતું. ડૉકટરે રીપોર્ટ જોયા. અને તાત્કાલિક ગ્લુકોઝની જગ્યા પર સોડીઅમ ક્લોરાઈડ નામનું પ્રવાહી નસ માં આપવા માંડ્યું. અડધા એક કલાક પછી મધુકાન્તાબેન ભાનમાં આવ્યા. તેમને આંખો ખોલી. બધાને ઓળખ્યા. અને જેમ જેમ સોડીઅમ જતું ગયું તેમ તેમ વધારે નોર્મલ થતા ગયા. ૨-૩ કલાક પછી સોડીઅમ નો લોહીનો રીપોર્ટ ફરી કરાવ્યો. જે લગભગ નોર્મલ ની નજીક આવ્યો.

તો સવાલ એ થાય છે કે સોડીયમથી આવું બની શકે? સોડીયમ ઓછું હોવું એ વધરે પડતું ખરાબ છે. અને જીવલેણ પણ છે.

મોહનભાઈને પણ મધુકાન્તાબેનની જેમ જ અચાનક ચક્કર આવ્યા અને પડી ગયા. ઘરગથ્થુ દાવો કરી પણ કઈ ફરક પડ્યો નહિ. ઘરના બધાએ કહ્યું રાતનો ઉજાગરો છે એટલે મોહનભાઈને ચક્કર આવી ગાયા હશે. મોહનભાઈ જી.ઈ.બી. માં નોકરી કરતા હતા. અને રાતપાળીમાંથી નોકરી કરીને ઘરે સવારે આવ્યા હતા. પણ મોહનભાઈની તબિયત વધારે બગાડવા માંડી. બેભાન થઈ ગયા. છાતીમાં દુખાવો થયો અને હળવો હૃદયરોગનો હુમલો પણ થયો. ૨-૩ કલાક પછી દવાખાનામાં દાખલ કર્યા. પણ ખૂબ મોડું થઈ ગયું હતું. ડૉકટરે તપાસી લોહી ટેસ્ટ કરાવી લોહીના રીપોર્ટની રાહ જોતા હતા. ત્યાં જ મોહનભાઈ એ પોતાનો દેહ છોડી દીધો હતો. લેબોરેટરીના રીપોર્ટમાં સોડીયમ એકદમ ઓછું એટલે કે 98 mmol/l આવ્યું. સવાલ એ થાય કે ઓછા મીઠાના કારણે આવું મૃત્યુ પણ થઈ શકે? જવાબ એ છે કે મોહનભાઈની જેમ ઓછા મીઠા લીધે મોત પણ થઈ શકે. તો હવે સવાલ એ થાય તો જરૂર કરતા વધારે મીઠું ખાવું જોઈએ. વધારે મીઠું ખાવાથી શું થાય? તો વધારે મીઠું ખાવાથી કોઈ તકલીફ ના થાય. ના એવું નથી. લો એનો પણ દાખલો આપીએ.

ચાંદભાઈને વધારે મીઠું ખાવાની ટેવ. કોઈ પણ વસ્તુ પર વધારે પ્રમાણમાં મીઠું લગાવી ચાંદભાઈ જમતા. દરેક વસ્તુમાં ચાંદભાઈને વધારે મીઠું અને લીંબુ ખાવાની ટેવ. ચાંદભાઈને અચાનક પેટ ભારે થઈ ગયું. ભૂખ ઓછી લાગવા માંડી. ઝાડા માંથી લોહી નીકળવા માંડ્યું. ડોક્ટર ને બતાવ્યું.ડોકટરે તેમણે તપાસ્યા. લોહીના ટેસ્ટ કરાવ્યા. જેમાં સોડીઅમ 150 mmol/l આવ્યું. કોઈ પાક્કું નિદાન થઈ શકતું ન હતું. પણ ચાદભાઈ એ મીઠું ખાવાનું ઓછું ના કર્યું. ધીમે ધીમે ચાંદભાઈની તબિયત વધારે પડતી બગાડવા માંડી. ડૉકટરે તેમણે અમદાવાદ એન્ડોસ્કોપી માટે મોકલ્યા. ડોકટરે એન્ડોસ્કોપી અને કોલોનોસ્કોપી કરવાનું કહ્યું. એન્ડોસ્કોપીમાં મોં વાટે દૂરબીન વાળી નળી નાખીને બધા અવયવો તપાસ કરવાની હોય છે. જયારે કોલોનોસ્કોપીમાં મળ વાટે દૂરબીન વળી નળી નાખીને આંતરડામાં ચાંદુ અથવા તો કોઈ કેન્સર છે કે નહી તેની તપાસ કરવાની હોય છે. ચાંદભાઈને ડોકટરે એન્ડોસ્કોપી કરી. હોજરીના ભાગમાંથી નાનો ટુકડો કાપી લેબોરેટરીમાં તપાસ કરવા મોકલ્યો. ૨ દિવસ પછી બાઓપ્સીનો રીપોર્ટ આવ્યો. જેમાં ચાંદભાઈને હોજરીનુ કેન્સર (સ્ટમક કેન્સર) છે. સવાલ એ થાય કે મીઠું ઓછું કે વધારે જોખમ કારક છે. શરીરને મીઠું એટલે કે સોડીઅમ ક્લોરાઈડ જરૂર હોય છે. વધારે મીઠું કે ઓછું મીઠું જોખમી છે. એટલે પ્રમાણસર મીઠું લેવું જોઈએ. સવાલ એ થાય કે પ્રમાણસર એટલે કેટલું? એટલે દિવસમાં ૬ ગ્રામથી ઓછું મીઠું લેવું જોઈએ. ૦.૩ કરતા ઓછું મીઠું પણ શરીર માટે હાનીકારક છે. સંસોધનમાં એવું આવ્યું છે કે વધારે પડતું મીઠું હોજરીના કોષને નુકશાન પહોંચાડે છે. તેના લીધે હોજરીના કોષો મળી કોષોને ઝડપથી ઉગાડે છે. અને એક સમયે એવો આવે છે કે વધારે પડતું મીઠું લેવાથી હોજરીના કોષોનું ઉત્પાદન એટલું બધું વધી જાય છે કે જે આખરે કેન્સર માં પરિણામે છે. અભ્યાસ એવું કહે છે કે જાપાનમાં હોજરીના કેન્સર વધારે જોવા મળે છે કારણ કે ત્યાં મીઠું ખાવાની ટેવ લોકોમાં વધારે છે. ૧૨ થી ૧૫ ગ્રામ કરતા વધારે જો રોજનું મીઠું લેવાતું હોય તો હોજરીનું કેન્સર થવાની શક્યતા વધારે હોય છે. વધારે મીઠું લેવાના હિસાબે લોકોમા બ્લડ પ્રેસર ની બીમારી પણ જોવા મળે છે. જેને H.Pylroi (Helicobacter Pylroi) નામના બેકટેરિયાનો ચેપ લાગેલો હોય છે. તેમને હોજરીનું કેન્સર થવાની શક્યતા વધી જાય છે. કારણ કે વધારે પ્રમાણે મીઠા વાળા વાતાવરણમાં H.Pylroi નામના બેકટેરિયા વધારે પ્રમાણમાં ઉગે છે . જેને લીધે હોજરીનું કેન્સર થવાની શક્યતા વધી જાય છે. H.Pylroi બેકટેરિયાનો ચેપ લાગવાનું કારણ શું? અનિયમિત જીવન, ગમે ત્યારે ખાવું, વધારે મીઠા વાળુ ખાવુ. જેના હિસાબે H.Pylroi વધે છે. H.Pylroi નો ટેસ્ટ લેબોરેટરીમા કરવાથી ખબર પડે છે કે H.Pylroi નો ચેપ છે કે નહિ.

એટલે કે જરૂરિયાત પ્રમાણે એટલે કે ૬ ગ્રામ થી ઓછું મીઠું શરીર માં લેવું જોઈએ.અને ૦.૩ ગ્રામ થી વધારે શરીર મા મીઠું લેવું જોઈએ. તો આપને ઉપર બતાવેલી તકલીફોમાંથી બચી ને તંદુરસ્ત જીંદગી જીવી શકીએ.

- sgpathlab@gmail.com

# નિવૃત્ત ઓફીસર શ્યામ બિહારી પ્રસાદ દિલ્હીમાં ગરીબ બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય કરી રહ્યાં છે




દિલ્હી- શ્યામ પ્રસાદ બિહારી તકવંચિત બાળકોના ''અંકલ'' તરીકે જાણીતા છે.જે વસંતકુંજ, દિલ્હામાં ફૂટપાથ પરના ગરીબ બાળકોને અભ્યાસ કરાવે છે. ૨૦૧૩ માં શ્યામ બિહારી પ્રસાદ બીએસએનલમાંથી મદદનીશ જનરલ મેનેજર તરીકે પટનાથી નિવૃત થયાં હતાં.ત્યાર પછી તેઓ પુત્રી સાથે વસંતકુજ દિલ્હીમાં આવ્યાં હતાં. દરરોજ સવારે આ સજ્જન વૃદ્ધ તેમના ઘર પાસે આવેલા હનુમાન મંદિરની મુલાકાતે જાય છે. મંદિરની મુલાકાત દરમિયાન તેમણે કેટલાક બાળકોને મંદિરની બહાર ભક્તો પાસેથી ભિક્ષાવૃતિ કરતાં જોયા હતાં. એક દિવસ અંકલે એક બાળકને તેમના ભાગની પ્રસાદ આપી તો બીજા દિવસે તેમણે મંદિરના ગેટની પાસે આવેલી દુકાનમાંથી અન્ય બાળકો માટે બિસ્કીટની ખરીદી કરી હતી.

પ્રસાદ કહે છે કે ''આ બધા બાળકોના માતા-પિતા મજૂરી કામ કરે છે.જ્યારે તેઓ કામ પર જાય છે ત્યારે પોતાના ઘરને તાળું મારીને જાય છે.જેથી તેમના બાળકો બહાર રજડી પડે છે. તેઓ બહાર તેમના બાળકોને છોડીને જાય છે તે અટકાવવું પડશે. સ્થાનિક સરકારી શાળામાં વર્ગો ૧૦ વાગે શરૂ થાય છે જેથી બાળકો શાળાએ જતા પહેલા મંદિર બહાર ખોરાક માટે ભિખ માગે છે''. બાળકો સાથેની વાતચીતમાં તેમણે બાળકોને પુછ્યું કે તમે અભ્યાસ કરવા માંગો છો તો તેના જવાબમાં હકારાત્મક પ્રતિભાવ આવતા તેમણે બાળકોને બીજા દિવસે અભ્યાસ માટે આઠ વાગે મંદિર બહાર ફૂટપાથ પર આવી જવા માટે કહ્યું હતું. ૨૦૧૩માં બાળકો માટે મંદિરની બહાર ફૂટપાથ પર વર્ગો શરૂ કરવામાં આવ્યાં હતાં. નિયમિત શાળાની જેમ પ્રસાદ બાળકો જોડે દરરોજ સવારે આઠ વાગે પ્રાર્થના કરાવે છે અને નીચે બેસીને બાળકોને અભ્યાસ કરાવે છે.તેમજ કેટલાંક સ્થાનિક રહેવાસીઓ પણ આ પ્રવૃતિમાં ઉંડો રસ લે છે. મંજુ બહેન અંગ્રેજી અને સિંગભૈયા બાળકોને ગણિત ભણાવવામાં મદદ કરે છે.કાર્તિક પણ વિજ્ઞાન અને ગણિતનું શિક્ષણ આપવામાં મદદ કરે છે. કેટલાંક લોકો બાળકો માટે સ્ટેશનરી,પુસ્તકો અને નાસ્તો ખરીદીને દાન આપે છે.

જ્યારે અમે ગરીબ બાળકો માટે ફૂટપાથ વર્ગો શરૂ કર્યા ત્યારે અમારી પાસે બેસવા એક સાદડી, એક ખૂરશી અને મારા માટે એક ટેબલ હતું.પરંતુ સ્થાનિક લોકો અને બહાર ચાલતા લોકોને મે વિનંતિ કરી કે મને તમે દાન કરો અને લોકોને સમજાવ્યાં કે મદદ કરવી એ ભગવાનના સંદેશા વાહક બરાબર છે તેથી લોકોએ મને મદદ કરી. વાહનો અને ત્યાંથી પસાર થતાં લોકોનો અવાજ, અસ્પષ્ટ લવરી હોવા છતાં અહીં બાળકોએ વાંચવામાં અને લખવામાં ધ્યાન કેન્દ્રીત કર્યું છે. બાળકો કોઈ પણ તોફાન વગર શાંતિથી વર્ગખંડમાં આવે છે. બાબુ સાહિબ અને રોહિત સરકારી સ્કૂલના નવમાં ધોરણના વિદ્યાર્થી છે. તેઓ કહે છે કે આપણે બીજી શાળાના વિદ્યાર્થી હોય તો પણ અંકલ હસ્તા મોઢે શીખવાડે છે. ઉંમર અને વર્ગખંડમાં તફાવત હોવા છતાં વ્યક્તિગત કાળજી રાખે છે. બાળકો કોઈ પણ મુંજવણ વિના અંકલને અભ્યાસને લગતો પ્રશ્ન પૂછી શકે છે.તેઓ ક્યારેએ ખોટા પૂછાયેલા પ્રશ્ન પર ગુસ્સે નથી થતાં.લક્ષ્મણ ધોરણ સાતનો વિદ્યાર્થી છે તે કહે છે કે અંકલ ટેક્ષબુક, સ્ટોરી બુક વગેરે બાળકોને વાંચવા માટે પ્રેરીત કરે છે. આ બાળકો નથી જાણતા કે કંઈ રીતના બેસવું અને કંઈ રીતના વાતચીત કરવી. તેઓ અપમાનજનક ભાષાનો ઉપયોગ વાતચીતમાં કરતાં હતાં.પરંતુ આજે અભ્યાસના કારણે તેમનામાં પરિવર્તન આવ્યું છે.જેનો મને ગર્વ છે.

# ભારતના પૂર્વ અને પશ્ચિમ છેડાઓ વચ્ચેનું સમયનું અંતર કેટલું છે?




## ભારતની ભૂગોળ

(૧) ટેહરી બંધ કઈ નદીઓના સંગમ પર બાંધવામાં આવે છે ?
(અ) ભગીરથી અને અલકનંદા (બ) અલંકનંદા અને મંદાકિની
(ક) ભાગીરથી અને ભીલાંગના (ડ) યમુના અને અલકનંદા

(૨) ભારતના પૂર્વ અને પશ્ચિમ છેડાઓ વચ્ચેનું સમયનું અંતર કેટલું છે?
(અ) દોઢ કલાક (બ) સવા બે કલાક
(ક) બે કલાક (ડ) અઢી કલાક

(૩) ઈન્દિરા ગાંધી પરમાણુ અનુસંધાન કેન્દ્ર કયાં આવેલું છે ?
(અ) તારાપુર (મહારાષ્ટ્ર) (બ) કલપક્કમ (તમિલનાડુ)
(ક) લોણાર (મહારાષ્ટ્ર) (ડ) મેંગ્લોર (કર્ણાટક)

(૪) નીચેનામાંથી કઈ ભૌગોલિક રેખા ભારતમાંથી પસાર થાય છે?
(અ) મકરવૃત્ત (બ) કર્કવૃત્ત
(ક) વિષયવૃત્ત (ડ) ૦ રેખાંશ

(૫) ભારતમાં સૌથી વધુ ગરમી કયા રાજયમાં પડે છે?
(અ) ગુજરાત (બ) પંજાબ
(ક) મહારાષ્ટ્ર (ડ) રાજસ્થાન

(૬) નીચેનામાંથી કોણ પૃથ્વીનો 'સુરક્ષા વાલ્વ' છે?
(અ) જવાળામુખી (બ) ધરતીકંપ
(ક) સુનામી (ડ) ટોરનેડો

(૭) ભારતમાં અબરખનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજયમાં થાય છે?
(અ) પશ્ચિમ બંગાળ (બ) બિહાર
(ક) ઉત્તરપ્રદેશ (ડ) રાજસ્થાન

(૮) ભારતના કયા રાજયમાં સૌથી ઓછું વસ્તીનું ઘનત્વ છે.?
(અ) મિઝોરમ (બ) અરુણાચલ પ્રદેશ
(ક) સિક્કીમ (ડ) મેઘાલય

(૯) નીચેનામાંથી ગાયની કઈ ઓલાદ વધારેમાં વધારે દૂધ આપે છે?
(અ) ગીર (બ) સાહીવાલ
(ક) લાલસિંધી (ડ) દેવની

(૧૦) ભીમતાલ ઝીલ કયા રાજયમાં આવેલ છે?
(અ) હિમાલય પ્રદેશ (બ) રાજસ્થાન
(ક) આંધ્રપ્રદેશ (ડ) ઉત્તરપ્રદેશ

(૧૧) નીચેનામાંથી કયો ઘાટ ધાર હિમાચલ પ્રદેશમાં આવેલ છે?
(અ) બોમડીલા (બ) નાથુલા
(ક) ભોરઘાટ (ડ) પાલઘાટ

(૧૨) ભાંગલા નાંગલ યોજનાથી બનેલ સરોવર કયા નામે ઓળખાય છે?
(અ) ઈન્દિરા સાગર (બ) નહેર સાગર
(ક) વિષ્ણુસાગર (ડ) ગોવિંદ સાગર

(૧૩) વિશ્વની સૌથી મોટી તેલ રિફાઈનરી કયાં સ્થપાઈ છે?
(અ) રિયાધમાં (બ) તહેરાનમાં
(ક) વડોદરામાં (ડ) જામનગરમાં

(૧૪) શ્રવણ બેલગોડા કયા રાજયમાં આવેલ છે?
(અ) રાજસ્થાન (બ) તામિલનાડુ
(ક) કર્ણાટક (ડ) ઓરિસ્સા

(૧૫) અરબી સમુદ્રને મળનાર લાંબામાં લાંબી નદી કઈ છે?
(અ) નર્મદા (બ) બાગમતી
(ક) ગોદાવરી (ડ) સિંધુ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૨૯ જુલાઈ ૧૮૯૮ : એન્થની જોન અર્કેલા :** ઈન્ગીશ હિસ્ટોરીયન તથા ઈજીપ્ટોલોજીસ્ટ, સુદાનના આર્કીઓલોજીના સ્થાપક
- **૨૯ જુલાઈ ૧૮૭૭ : વિલિયમ લીડે :** અમેરીકન બાયોલોજીસ્ટ, ન્યૂયોર્ક જીઓલોજીક સોસાયટીના પૂર્વ ડાયરેકટર પણ હતા.
- **૩૦ જુલાઈ ૧૮૧૫ : રોબર્ટ રીમાર્ક :** પોલીસ-જર્મન ફીઝીશીયન, ન્યૂરોલોજીસ્ટ, અને એમ્બ્રીયોલોજીસ્ટ, ચેતાતંત્ર સંબંધી સંશોધન કરનાર
- **૩૦ જુલાઈ ૧૬૪૧ : રેઈન્ડર ડે ગ્રાફ :** ડચ ફીઝીશિયન, સસ્તન જીવોની જીવ ઉત્પત્તિ સંદર્ભમાં પણ સંશોધન કરનાર
- **૩૧ જુલાઈ ૧૮૫૯ : થિઓબાલ્ડ સ્મિથ :** અમેરીકન પેથોલોજીસ્ટ અને માઈક્રોબાયોલોજીસ્ટ, સૂક્ષ્મ જીવાતો દ્વારા થતા રોગો પર સંશોધન કરનાર
- **૩૧ જુલાઈ ૧૮૫૮ : રિચાર્ડ ડિક્સોન ઓલ્ધામ :** આઈરીસ જીઓલોજીસ્ટ અને સિસ્મોલોજીસ્ટ, ૧૯૦૬માં પૃથ્વીના ભૂગર્ભમાં (કોર) રહેલ પ્રવાહી અંગે સંશોધન કરનાર
- **૧ ઓગસ્ટ ૧૮૮૯ : ડો. જ્હોન એફ. મોની :** અમેરીકન ફિઝિશિયન સિફીલીશ રોગ માટે પેનીસીલીનનો ઉપયોગ કરનાર
- **૧ ઓગસ્ટ ૧૮૮૯ : વેલ્થર ગેલાર્ચ :** જર્મન ભૌતિકશાસ્ત્રી - ઓટ્ટો સ્ટર્મ નામના વૈજ્ઞાનિક સાથે પરમાણુ અને તેના ચુંબકીય ક્ષેત્ર વિષે સંશોધન કરનાર
- **૨ ઓગસ્ટ ૧૭૫૪ : પેરી - ચાર્લ્સ એલ્ફટન :** ફ્રેન્ચ - અમેરીકન આર્કીટેક, વોશિંગ્ટન ડી.સી.ના મેઈન પ્લાન તૈયાર કરનાર
- **૩ ઓગસ્ટ ૧૮૪૪ :માર્કલ અગષ્ટે ડાયલોફાય :** ફ્રેન્ચ આર્કીઓલોજીસ્ટ અને સિવિલ એન્જીનીયર. ઈરાનના સુસાની પ્રાચીન ઈમારતોનો અભ્યાસ કરનાર
- **૩ ઓગસ્ટ ૧૮૧૧ : એલીસ ગ્રેવ ઓટીસ :** અમેરીકન સંશોધક. 'ઓટીસ' - સેફટી લીફટ તથા લીફટ બ્રેક શોધનાર
- **૪ ઓગસ્ટ ૧૮૦૫ : સર વિલિયમ રોવાન હેલ્મીટોન :** આઈરીશ ગણીતશાસ્ત્રી, ઓપ્ટીક, જીઓમેટ્રીક અને કલાસીકલ ગણિતના તજજ્ઞ
- **૪ ઓગસ્ટ ૧૭૯૫ : ગ્રુવનર એમર્સન :** અમેરીકન ફીજીશિયન, આંકડાશાસ્ત્રી તથા કૃષિસંશોધક, ફિલાડેલ્ફીયા રોગના કારણે તથા મૃત્યુઆંકની આંકડાકીય માહિતી એકઠી કરનાર

## ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : ભાજપના કયા ફાયરબ્રાન્ડ નેતાએ રાજયસભામાં રાજીનામું આપ્યું અને આમ આદમી પાર્ટીમાં જોડાવાના છે?**

**જવાબ : નવજોધ સિંધુ**

## સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ઈન્ફો.જુ.સાયન્સ કૉલેજ. (૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં આમ આદમી પાર્ટીના કયા સંસદ સભ્ય સંસદની વીડિયો ઉતારતાં વિવાદમાં સપડાયા છે?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

[illegible]

# ભાવના ભૂખ્યા ભગવાન




કોઈ એક પૂરેપૂરો મહિનો કોઈ એક દેવને સમર્પિત હોય એવું શ્રાવણ મહિનાનું છે. શ્રાવણ મહિનો શિવપૂજનનો મહિનો છે. શિવ ભોળાના નાથ છે. એ ભાવના ભૂખ્યા છે. સ્થળ-સમય અને સંજોગો મુજબ, એને જે કાં પ્રેમ અને ભક્તિ સાથે, આપવામાં આવે તેનાથી એ પ્રસન્ન રહે છે. એને સ્વીકાર્ય છે. વિશુદ્ધ હૃદયની ઉત્કટ ભક્તિ.

આનું ઉદાહરણ છે શિવભક્ત સંત કણપ્પા. શંકરાચાર્ય ઈ. ૭૮૮(૨૦) એ શિવાનંદલહરી નામે શતક કાવ્ય રચ્યું છે - શિવપ્રાપ્તિના આષ્ટાંગની લહરી. આમાં એમણે કણપ્પાની પ્રશંસા કરી છે.

દક્ષિણ ભારતમાં ગાઠ જંગલથી ઘેરાયેલું, કાલહસ્તી નામના પર્વતની તળેટીમાં નદી કિનારે વસેલું ઉડુપ્પુર



નામનું ગામ છે. ત્યાં તિન્નનર નામે યુવક હતો. શિકારીઓના કબીલાના નાયકનો એ યુગ હતો. શિકારથી એની આજીવિકા હતી. બે વર્ષનું બાળક હોય એવો એ ભોળો અને નિષ્કર્મ હતો.

એકવાર તે જંગલમાં શિકાર માટે નીકળ્યો. એક સુવ્વરને એણે નિશાન બનાવ્યું. સુવ્વર પાછળ દોડો દોડીને એ હવે થાકી ગયો હતો. પરંતુ તે ધનુર્વિદ્યામાં નિપુણ હતો. તેથી અંતે સુવ્વરને મારી શક્યો. તેને વિચિત્ર અનુભવ થવા લાગ્યો. થાકેલો હતો, પર્વત ચડતો હતો. પરંતુ એનો થાક ઓછો થવા લાગ્યો અને સ્ફૂર્તિનો અનુભવ થવા માંડ્યો. તેને થયું કે નક્કી, આ જગ્યાનો પ્રભાવ છે. તેણે જમણી બાજુ જોયું તો ત્યાં એક મંદિર હતું. તિન્નનર મંદિરમાં દાખલ થયો તો એને અપાર આશ્ચર્ય અને આનંદ થયા. મંદિરમાં શિવલિંગ અને શિવપ્રતિમા હતી. કોઈ માતાને વર્ષો પછી એનું ખોવાયેલું બાળક મળે અને એને આનંદ થાય એવો, આનંદ એને થયો. એની આંખમાંથી અશ્રુધારાઓ વહેમાં માંડી.

હવે એને વિચાર આવ્યો - 'આ ઘટાટોપ જંગલમાં આ તો સાવ એકલા અટૂલા છે. હું એને સાથ આપું. રાત પડે એટલે હિંસક પ્રાણીઓ આવશે. એનાથી હું આનું રખોપું કરીશ. હવે આને ભૂખ લાગી હશે. હું એની વ્યવસ્થા કરું.' એણે શિકાર તો કર્યો જ હતો. તાપણું કરીને માંસને શેક્યું. પછી બરોબર સ્વાદિષ્ય થયું છે તે ચાખીને ખાતરી કરી, એના મોઢામાં મૂકી શકાય એ કદના ટૂકડા કર્યા. આ રીતે ખોરાક તૈયાર કર્યો.

ત્યાર પછી એણે જંગલી ફૂલો ચૂંટ્યા. પોતાના વાળના ગુંફનમાં એ ફૂલોને ખોસતો ગયો. ત્યાર પછી એ નદી કિનારે આવ્યો અને મોડામાં પાણી ભર્યુ. હવે તે મંદિરમાં આવ્યો. પોતાના પગરખાંથી તેણે શિવજી ને ચડાવેલાં ફૂલો દૂર કરી દીધાં. મોઢામાં ભરી રાખેલા પાણીથી અભિષેક કર્યો. ફૂલ ચડાવ્યા. છેલ્લે પોતે તૈયાર કરેલો ખોરાક પ્રસાદરુપે ધરી દીધો. ત્યાર પછી ચઢાવેલા તીરકામઠાં સાથે રખોપું કરવા બેસી ગયો. આમ રાતભર બેસી રહ્યો અને પછી સવારે પાછો ખોરાક માટે નીકળી ગયો. આવું લાગલગાટ પાંચ દિવસ ચાલ્યું. મોડી સાંજે આવે, સવારે નીકળી જાય.

મંદિરના પૂજારી શિવકાસારિયર નામે હતા. એ સવારે આવે અને સાંજે જતાં રહે. એ હેરાન પરેશાન થઈ ગયા. 'કોઈક રાતમાં મંદિર અભડાવી જાય છે.' છઠ્ઠે દિવસે મંદિરના દેવ પાસે તેણે હૈયાવરાળ ઠાલવી. તે રાત્રે સ્વપ્નમાં શિવજી આવ્યા. તેણે કહ્યું, 'રાતમાં આવે છે તે મારો પરમ ભક્ત છે. એ જે કાંઈ કરે છે તે ભાવથી કરે છે. એના કોગળાના પાણી મને ગંગાજળથી પણ વધુ પ્રિય છે. કાલે તું મૂર્તિ પાછળ સંતાઈને જેજો.'

બીજે દિવસે શિવકાસારિયર સંતાઈ ગયા. તિન્નનર આવ્યો અને નિત્યક્રમ ચાલ્યો - જૂના ભૂલ જોડાથી દૂર કરવા, કોગળાથી અભિષેક, નવા ફૂલો અર્પણ અને પ્રસાદ, હવે શિવજીને થયું - 'પૂજારીને મારા ભક્તનો પરચો બતાવું.'

તિન્નનરે જોયું કે શિવજી રડે છે, એની જમણા આંખે અશ્રુ નીકલે છે. તે લોહી છે! હવે તે અકળાયો, 'આને બંધ કેમ કરવાં?' કોઈ રીતે બંધ થાય જ નહિ, છેલ્લા ઉપાય તરીકે - એણે પોતાના તીરથી પોતાની જમણી આંખ કોતરી નાખી અને શિવજીની આંખે મૂકી દીધી. એના ભરપૂર આનંદ વચ્ચે લોહીનાં અશ્રુ બંધ! ફક્ત હવે પ્રતિમાની ડાબી આંખમાંથી લોહીના અશ્રુ વહેવા લાગ્યા. તિન્નનરે પોતાની ડાબી આંખે તીર મૂક્યું.

હવે શિવજી સાક્ષાત પ્રગટ થયા. એણે હાથ અટકાવી દીધો. એના પર ખૂબ પ્રસન્ન થયા. એને પોતાના ખોળામાં જમણી બાજુમાં બેસાડ્યો અને એને નામ આપ્યું - 'કણપ્પા.'

શિવભક્ત સંત કણપ્પાનો આ સંદેશ છે - પોતાના સંજોગો અને પોતાની સ્થિતિ મુજબ ભક્ત જે કાંઈ ભાવથી